# શિક્ષા-દિક્ષાની ભારતીય પરંપરા જ રાષ્ટ્ર ચેતનાસભર નવી પેઢીનું નિર્માણ કરશે

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણી માન્યતા, સાંસ્કૃતિક ધરોહર અને દેશની આવશ્યકતાના આધાર પર પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષા પ્રણાલિથી જ રાષ્ટ્રનિર્માણ માટે સજ્જ થઈ શકાશે.

મુખ્યમંત્રી અખિલ ભારતીય રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘના ૭માં ત્રિદિવસીય અધિવેશનનો ગણપત યુનિવર્સિટીમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.





તેમણે શિક્ષા અને સંસ્કાર એકબીજા સાથે જોડાયેલા છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં કહ્યું કે, શિક્ષા-દિક્ષા આપણી પરંપરા છે. માત્ર શિક્ષિત નહિ, દિક્ષીત પેઢી, રાષ્ટ્રચેતનાસભર પેઢી જે દેશ માટે જીવી જાણે દેશ માટે મરી જાણે તેવી પેઢીનું નિર્માણ કરવામાં શૈક્ષિક મહાસંઘના આવા સફળ પ્રયાસો "રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ" છે. એ.બી.આર.એસ.ના અધ્યક્ષ જે.પી.સીંઘલએ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, શિક્ષકોનું આ સંગઠન રાષ્ટ્રહિતમાં શિક્ષા, શિક્ષાના હિતમાં શિક્ષક અને શિક્ષકના હિતમાં સમાજને લઈને આગળ ચાલી રહ્યું છે. સમાજમાં પરિવર્તન શિક્ષક થકી શકય છે.

એ.બી.આર.એસ.એમ.ના પ્રો અનિરૂધ્ધ દેશપાંડેએ જણાવ્યું હતું કે શિક્ષાક્ષેત્રનું ઉંડાઈથી ચિંતન કરી રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનવા માટે શૈક્ષિકસંઘ પ્રયત્નશીલ બન્યું છે.બાળકના ભવિષ્યના નિર્માણનો શિલ્પકાર શિક્ષક છે. શિક્ષકે પોતાના કર્તવ્યોનું સંપુર્ણ પણે પાલન કરવુ જોઈએ.

ગણપત યુનિના અધ્યક્ષ ગણપતભાઈ પટેલે જણાવ્યું હતુ કે આ વિશ્વ વિધાલયમાં દેશભરના ગુરૂઓના આગમન થકી આજે ભુમિ પવિત્ર બની છે.તેમણે જણાવ્યું હતું કે ગુરૂના આશિર્વાદથી બાળકના ભવિષ્યનું નિર્માણ થાય છે. તેમણે દેશભરના શિક્ષકોને યુનિવર્સિટીને આંગણે આવકાર્યા હતા. આ અવસરે ડો. કલ્પના પાંડે દ્વારા લેખિત "નારી ભારતીય દષ્ટી અને ભવિષ્ય વિષય" પર પ્રમુખ લેખોનું સંકલન "ભારતીય સંગીતમાં શિક્ષા અને સ્વાસ્થય"ની પત્રિકા અને રાજસ્થાન ક્ષેત્રના સંઘચાલક ભગવતી પ્રસાદ લેખિત "પર્યાવરણ સંકટ જીવસુષ્ટી અને જનજીવન" પુસ્તિકાનું વિમોચન કરાયું હતું. ૧૯૮૮ થી પ્રગટેલી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના યજ્ઞની જ્યોતને પ્રજ્વલીત કરવા માટે દર ત્રણ વર્ષે રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવે છે.આ વર્ષે ગણપત યુનિ ખેરવા ખાતે ૦૮થી ૧૦ નવેમ્બર દરમિયાન આ અધિવેશન યોજાઈ રહ્યું છે. રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર રાષ્ટ્રભરના શિક્ષકો ઉપસ્થિત રહી શિક્ષણ માટે ચિંતન અને મંથન કરવાના છે.

## હવે જાહેરાતોમાં સૈનિકોને દેખાડતા પહેલાં પરવાનગી લેવી પડશે

ગાંધીનગર, તા. ૮

જાહેરાતોમાં સેનાને દેખાડવા સંબંધમાં ભારતીય સેનાએ ગાઈડલાઈન્સ જાહેર કરી છે. હવે જાહેરાતોમાં સૈનિકોને દેખાડતા પહેલાં સેનાની પરવાનગી લેવી જરૂરી છે. પાન મસાલા અને ફેરનેસ ક્રીમની જાહેરાતોમાં સૈનિકોનો ઉપયોગ કરવામાં નહી આવે. થોડા દિવસો પહેલાં પાન મસાલાની જાહેરાત આવી હતી જેમાં એક એક્ટરે સેનાની વર્દીમાં બતાવવામાં આવ્યો હતો. કંઈક આ પ્રકારની સ્થિતિ, ફેરનેસ ક્રીમની જાહેરાતોમાં જોવા મળી હતી.

સેનાએ વાંધો ઉઠાવતાં ભારતીય એડવર્ટાઈઝીંગ સ્ટાડર્ડ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ આ નવી એડવાઈઝરી જાહેર કરી છે. આ વર્ષે જૂન-જુલાઈમાં સેનાને અનેક વિશિષ્ઠ લોકોએ પાન મસાલા અને સૌંદર્ય ક્રીમના વિજ્ઞાપનોમાં એક્ટરો દ્વારા સેનાના યુનિફોર્મના ઉપયોગને લઈ વાંધો વ્યક્ત કર્યો હતો.

આ જાહેરાતોને ભારતીય સેનાએ ગંભીરતાથી લીધી છે. ભારતીય સેનાનું માનવું છે કે આ પ્રકારની જાહેરાતોથી તેમની છબી ખરડાઈ રહી છે.

# ટેબલ ટેનિસમાં ગુજરાતની મૅન્સ ટીમ ફાઈનલમાં, વિમેન્સ ટીમને બ્રોન્ઝ

ગાંધીનગર, તા. ૮

ગુજરાતની વિમેન્સ ટીમ જે કરી શકી નહીં તે મેન્સ ટીમે કરી દેખાડયું કેમ કે ગુજરાતની મેન્સ ટીમે ગુરુવારથી ભાવનગર ખાતે શરૂ થયેલી યુટીટી નેશનલ રેન્કિંગ (સેન્ટ્રલ ઝોન) ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. એસએજી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો. ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાના આશ્રય હેઠળ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન દ્વારા ભાવનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશનના સહકારથી આ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે. જેને સ્ટેગ દ્વારા સ્પોન્સર કરવામાં આવી છે અને તેના સહ સ્પોન્સર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા છે.






માનવ ઠક્કરની આગેવાની હેઠળની ગુજરાતની મેન્સ ટીમમાં તાજેતરમાં જ ઈસ્ટ ઝોન ચેમ્પિયનશિપમાં યૂથ બોયઝ ટાઈટલ જીતનારો માનુષ શાહ રમી રહ્યો છે. આ ઉપરાંત ઈશાન હિંગોરાણી પણ ટીમમાં છે. ગુજરાતની ટીમે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો જ્યાં તેનો મુકાબલો મહારાષ્ટ્ર-એ ટીમ સામે થશે.

અગાઉ વિમેન્સ વિભાગમાં ગુજરાતની ટીમને બ્રોન્ઝ મેડલથી સંતુષ્ટ રહેવું પડ્યું હતું કેમ કે મહારાષ્ટ્ર બી ટીમ સામે તેનો પરાજય થયો હતો. રિજનની ઈવેન્ટમાં સાત જ રાજ્ય ભાગ લેતા હોઈ ચાર જ રાજ્યએ ટીમ મોકલી હતી કેમ કે તેઓ સીધા નોકઆઉટ તબક્કામાં રમશે. મહારાષ્ટ્રની ટીમ એ અને બી એમ બે ટીમ મોકલી છે.

## ૧૦મીએ ટેલીવિઝન પર મહાનાટક 'યુગપુરુષ'




વાયાકોમ ૧૮ 'યુગપુરુષ' સિને પ્લે દ્વારા રાષ્ટ્રીય ટેલિવિઝન પર લાવે છે, મોહનદાસ કરમચંદ ગાંધીની મહાત્મા સુધીની અંતરયાત્રાના એવોર્ડ વિજેતા નાટક 'યુગપુરુષ'નું ૧૦મી નવેમ્બરે, સવારે ૯ વાગે કલર્સ ટીવી પર સાત ભાષાઓમાં પ્રસારણ

'યુગપુરુષ' મહાત્મા ગાંધીજી અને તેમના આધ્યાત્મક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી સાથેના પ્રગાઢ સંબંધો અને તેઓની મોહનદાસથી મહાત્મામાં રૂપાંતરણની વણકહી કથા છે.

૨૦૧૯નું વર્ષ છે, સમગ્ર વિશ્વને સત્ય અને અહિંસાના સિદ્ધાંતો આપનાર અને સત્યાગ્રહ જેવા શસ્ત્રથી આઝાદી આપાવી વિશ્વ ઈતિહાસમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે લખાવનાર આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ! તેમના આ સિદ્ધાંતો આજના સમયમાં પણ એટલા જ પ્રસ્તુત છે, અનુકરણીય છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવવા સક્ષમ છે!

તેમના આ સિદ્ધાંતોને ઉજવતાં વાયકોમ ૧૮ રજૂ કરી રહ્યું છે, એવોર્ડ વિજેતા નાટક 'યુગપુરુષ - મહાત્માના મહાત્મા' - ૧૦મી નવેમ્બર, ૨૦૧૯, રવિવારે, સવારે ૯ વાગે કલર્સ, કલર્સ મરાઠી, કલર્સ ગુજરાતી, કલર્સ બાંગ્લા, કલર્સ તામિલ, કલર્સ સુપર, કલર્સ ઓડિયા, કલર્સ ઈન્ફિનીટી અને એમટીવી પર. આ નાટક વૂટ પર ૧૦મી નવેમ્બરે આખો દિવસ જાવા મળશે.

સત્ય, અહિંસા, ધર્મ, સાદગી, સ્વનિર્ભરતા જેવા અનેક મૂલ્યો, જે ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી ગ્રહણ કર્યા હતા, તેને પુનર્જીવિત કરવા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરે તેના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી આ ભવ્ય નાટક 'યુગપુરુષ - મહાત્માના મહાત્મા'નું નિર્માણ કર્યું છે!

પ્રસ્તુત નાટક વિષે વાત કરતાં વાયાકોમ ૧૮ના ગ્રુપ સી.ઈ.ઓ. ડૉ. સુધાંશુ વત્સ કહે છે,

"એક મિડિયા અને મનોરંજન નેટવર્ક તરીકે અમારું કાર્ય છે, દરેક કથાને તેના દર્શક સુધી લઈ જવી અને દર્શકને તેની કથા સુધી લઈ આવવો. આ કથા દરેક ભારતીય માટે ખાસ જાણવા જેવી છે અને વર્તમાન ભારતીય પેઢીને કહેવી જરૂરી છે. ગાંધીજીએ વિશ્વભરમાં અનેક પેઢીઓને પ્રેરણા આપી છે અને 'યુગપુરુષ' દ્વારા અમે તેમની યુવાન બેરીસ્ટરથી મહાત્મા સુધીની યાત્રાને લોકો સમક્ષ લાવી રહ્યા છીએ." 'યુગપુરુષ' શ્રીમદ્જી અને ગાંધીજીના પ્રગાઢ આધ્યાત્મક સંબંધની રસમય યશોગાથા દર્શાવતું હૃદયસ્પર્શી નાટક છે. પોતાના આધ્યાત્મક માર્ગદર્શકની પ્રેરણા હેઠળ થયેલ ગાંધીજીની આંતરિક તેમ જ બાહ્ય વિકાસયાત્રા આમાં અદ્ભૂત રીતે દર્શાવાઈ છે. બંન્ને મહાત્માઓને શ્રદ્ધાંજલિરૂપ આ નાટકને પ્રેક્ષકોનો અકલ્પનીય પ્રતિસાદ સાંપડ્યો છે. એક જ વર્ષમાં ૭ ભાષાઓમાં, એક સાથે ૮ ટીમ દ્વારા, વિશ્વભરમાં ૩૧૨ સ્થળોએ ૧૦૬૨ નાટક્કપ્રયોગો દ્વારા 'યુગપુરુષે' લાખો પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી રંગભૂમિની દુનિયાનો એક અનોખો ઈતિહાસ સર્જયો છે! તેને શ્રેષ્ઠ નાટકનો 'દાદાસાહેબ ફાળકે એક્સલન્સ એવોર્ડ ૨૦૧૭', ટ્રાન્સમિડિયા સ્ક્રીન એન્ડ સ્ટેજ એવોર્ડના 'શ્રેષ્ઠ નાટક', 'શ્રેષ્ઠ દિગ્દર્શક' અને 'શ્રેષ્ઠ સહાયક અભિનેતા' એમ ત્રણ પારિતોષિક, લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં બે અલગ એન્ટ્રી પ્રાપ્ત કરી છે. વળી હોલિવુડના ડોલ્બી થિયેટર કે જ્યાં ઓસ્કાર એવોર્ડ સમારંભ યોજાય છે, ત્યાં ભજવાયેલ પ્રથમ ભારતીય નાટકનું શ્રેય 'યુગપુરુષ' ને જાય છે! શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૨મી જન્મજયંતી દિન નિમિત્તે, આ રાષ્ટ્રીય પ્રસારણ ૧૦ મી નવેમ્બર, ૨૦૧૯, રવિવારે, સવારે ૯ વાગે કલર્સ, કલર્સ મરાઠી, કલર્સ ગુજરાતી, કલર્સ બાંગ્લા, કલર્સ તામિલ, કલર્સ સુપર, કલર્સ ઓડિયા, કલર્સ ઈન્ફિનીટી, એમટીવી તેમ જ વૂટ પર કરવામાં આવશે. આ ભવ્ય નાટક દરેક વય, જાતિ કે ભાષાના લોકો માટે અદ્ભૂત આનંદનો અવર્ણનીય અનુભવ બની રહેશે!

## શ્રી મુખવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ત્રીજા દિવસે

# વચનામૃતની પંચરત્ન તુલા, શાહી પૂજન કરાયું



શ્રી મુખવાણી વચનામૃત દ્વીશતાબ્દી મહોત્સવ તથા શ્રીજી સ્વયંમૂર્તિ અબજીબાપાશ્રી શતામૃત મહોત્સવના તૃતીય દિનના સવારના સત્રમાં મહોત્સવના અધ્યક્ષ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં વચનામૃતની પંચરત્ન તુલા, રાજોપચારથી શાહી પૂજન, કંકુ, અક્ષત, ગુલાબ જળ, ચંદન કેસર મિશ્રિત, અત્તર વગેરેથી પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા.



ઉલ્લેખનીય છે કે ગીતા, ભારત, ઉપનિષદ, ધર્મ માર્ગ, ભક્તિ માર્ગ, યોગ માર્ગ - આમ તમામ પ્રકારના શાસ્ત્રની, તત્વજ્ઞાનની સચોટ સમજૂતી આ વચનામૃત ગ્રંથમાં સંકલિત કરેલ છે. આ પ્રસંગે પાંચ હાથી તેમજ વિવિધ ફ્લોટ દ્વારા એકતા યાત્રા કાઢવામાં આવી હતી. એકતા યાત્રામાં હૈયે હૈયું દળાય એવો હકડેઠઠ માનવ મહેરામણ ઉમટ્યો હતો. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા આ અવસરે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# ટ્રાવેલિંગ ક્ષેત્રે આગળ વધવા માટે શું કરવું?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું.મને ટ્રાવેલિંગ માં રસ છે તો મારે એ તરફ પોતાની કારકિર્દી બનાવવા શું કરવું?**

**- કાવ્યા વ્યાસ, ગાંધીનગર**

કાવ્યા, સૌપ્રથમ તો આપને જણાવી દઈએ કે આપ હાલ જે અભ્યાસ કરી રહ્યા છો અને આપ આપની કારકિર્દી બનાવવા માંગો છો એ તદન વિભિન્ન વિષયો છે.આપે જણાવ્યુ એ પ્રમાણે આપને ટ્રાવેલિંગ માં રસ છે.હવે કોઈ વિષય પ્રત્યે રસ હોવો અને એ વિષય ને કારકિર્દી બનાવવી પણ અલગ અલગ પાસા આપણે કહી શકીએ.આપે જેમ લખ્યું છે એમ આપને ટ્રાવેલિંગ માં રસ છે તો ટ્રાવેલિંગ માં એટ્લે કે ફરવામાં રસ કોણે ન હોય?મોટા ભાગના બધા લોકો ને ફરવાનો શોખ હોય છે.એટ્લે એ દરેક વ્યક્તિ આ વિષય માં કારકિર્દી બનાવી શકે એ જરૂરી નથી.હા પણ જે વ્યક્તિ ખરેખર આ વિષય માં ઊંડો ઉતારવા માંગે છે અને પરિશ્રમ કરી આગળ વધવા માંગે છે એ જરૂર જઈ શકે છે.હવે આ કારકિર્દી માં આપ વિવિધ એકાધિક ક્ષેત્ર માં જઈ ને આપનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકો છો.જેમ કે ટૂરિસ્ટ



ગાઈડ, ટૂરિસ્ટ મેનેજર, ટ્રાવેલ ઓફિસર, ટ્રાવેલ એજન્ટ વગેરે.હવે ઉપર જણાવ્યા મુજબ ફક્ત રસ હોવાના કારણે આપ કોઈ ક્ષેત્ર માં આગળ ના વધી શકો.ટ્રાવેલિંગ ક્ષેત્ર ની વાત કરીએ તો એના માટે સૌપ્રથમ તો આપને દેશ અને દુનિયાની ભૌગોલિક સ્થિતિ વિશે પૂરી જાણકારી હોવી જરૂરી છે. એ સિવાય લીડરશિપ,કોમ્યુનિકેશન સ્કિલ,શંશોધન કરવાની ઈચ્છા, દેશ-દુનિયા ના નવા નિયમો વિષે પૂરી જાણકારી,ટિકિટ અને પાસપોર્ટ વિષે તથા ટ્રાવેલિંગ માટે ઉપયોગી દરેક નાની વસ્તુ વિષે પૂરી જાણકારી હોવી આવશ્યક છે.અને આપ જો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સિવાય પણ અન્ય દેશ ની ભાષા નું જ્ઞાન ધરાવતા હશો તો આપ આ ક્ષેત્ર દેશ અને વિદેશ માં પણ વધુ સારી રીતે પ્રગતિ કરી શકો છો.આ માટે ભારત માં ઘણી સંસ્થા માં આ વિષયક કોર્સ પણ ચાલે છે.જેમ કે ધોરણ ૧૨ પછી આપ ટ્રાવેલ અને ટૂરિઝમ મેનેજમેન્ટ માં બી.એ કરી શકો છો.તથા માસ્ટર ઓફ ટૂરિઝમ એડમીનીસ્ટ્રેશન (એમ.ટી.એ) જેવા કોર્સ પણ કરી શકો છો.

**૨. હું એમ.એ અભ્યાસ કરું છું. પ્રોફેસર બનવા માટે શું કરવું તથા એમ.એ. બાદ અન્ય વિકલ્પો શું હોઇ શકે?**

**- નિકુલ સોલંકી, તલોદ**

નિકુલ, એ જાણીને આનંદ થયો કે આપના ધ્યેય પ્રત્યે આપ સજાગ છો. પ્રોફેસર બનવા માટે આજકાલના ધોરણો પ્રમાણે પી.એચ.ડી, એમ.ફિલ, એન.ઈ.ટી (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) અથવા એસ.એલ.ઈ.ટી (સ્ટેટ લેવલ એલિજિબિલિટી ટેસ્ટ) જેવી પરીક્ષાઓમાં જે તે ક્ષેત્ર માં ઊત્તિર્ણ થવું પડે છે. પી.એચ.ડી / એમ.ફિલ એક અભ્યાસક્રમ છે જેમાં ૩.૫ થી ૫ વર્ષનો સમય લગભગ લાગતો હોય છે. એન.ઈ.ટી પરીક્ષા હવે એન.ટી.એ એટ્લેકે નેશનલ ટેસ્ટિંગ એજન્સી ધ્વારા લેવામાં આવશે. પી.એચ.ડી અથવા તો એમ.ફિલ માટે માસ્ટર ડિગ્રી જરૂરી છે.માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી, આઈ.આઈ.એમ.માં એફ.પી.એમ એટ્લે કે ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટમાં અરજી કરી શકો છો. જેના માટે સી.એ.ટી (કેટ) નામની પરીક્ષા આપવાની હોય છે. આમ તમે માસ્ટર ડિગ્રી કર્યા પછી એન. ઈ. ટી, એસ. એલ. ઈ. ટી.,એફ. પી. એમ., એમ.ફિલ. અથવા પી.એચ.ડી કરીને આપ આપના ધ્યેયને પ્રાપ્ત કરી શકો છો. છે. એ સિવાય એમ.એ બાદ આપ બેન્ક અને એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કર્યા પછી આપ કોઈપણ રાષ્ટ્રીયકૃત બૅંક અથવા તો કેન્દ્ર સરકારમાં નોકરી મેળવી શકો છો. એમબીએ કર્યા પછી પણ ખુબજ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે. તમને બૅંક અથવા



એસ.એસ.સી.માં વધારે રસ છે તો તમે એ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો. એક વસ્તુ અહિયાં જણાવવા માંગીશું કે આપ એમ.બી.એ. કર્યા પછી પણ સરકારી નોકરી અથવા તો બૅંકમાં નોકરી મેળવી શકો છો. વધુ જાણકારી માટે ઈમેલ અથવા વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

**૩. હું એમ.એસ.સી.માં અભ્યાસ કરુ છું. એમ. એસ. સી. બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપલબ્ધ છે?**

**- રીયા કનિયા, ગાંધીનગર**

રીયા, એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે. હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઈ પણ એક મનપસંદ અને આપની રુચિ મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઈક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો



શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ

સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી, યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો.

જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner